1. મુખ્ય ભૂમિસ્વરૂપો કેટલાં છે? કયાં કયાં?

➢ મુખ્ય ભૂમિસ્વરૂપો ત્રણ છે : (1) પ્રથમ શ્રેણીનાં ભૂમિસ્વરૂપો, (2) દ્વિતીય શ્રેણીનાં ભૂમિસ્વરૂપ અને (3) તૃતીય શ્રેણીના ભૂમિસ્વરૂપો.

2. ઘુમ્મટાકાર પર્વત વિશે ટૂંક નોંધ લખો.

➢ પૃથ્વીના પેટાળમાં રહેલો મેગમા બહાર નીકળવાનો પ્રયત્ન કરે છે. પરંતુ તેની ઉપર આવેલા નક્કર ખડકો તેમાં અવરોધરૂપ બને છે. જેથી મેગ્માં ના દબાણથી જ ભૂ-સ્તરો ઘુમ્મટ આકારે ઊંચા ઉપસી આવે છે, તેને ઘુમ્મટાકાર પર્વત કહે છે. રાજસ્થાનમાં સુન્ધામાતાની પાસે આ પ્રકારના પર્વત આવેલા છે.

3. ઘસારણનાં મેદાનોની રચના સમજાવો.

➢ ગતિશીલ બળોના સતત ઘસારણ કાર્યથી પર્વતો, ઉચ્ચપ્રદેશો ઘસાઈને સમતલ બને છે. આવાં મેદાનોને પેની પ્લેઇન (Pen plain) કહે છે. નદીના ઘસારણ કાર્યથી આવા મેદાનો રચાય છે, દિલ્લીની પશ્ચિમે આવેલો અરવલ્લી પ્રદેશ. સુકા અને અલ્પ વરસાદવાળા રણપ્રદેશોમાં પવન દ્વારા રચાયેલાં ઘસારણનાં મેદાનો આવેલાં છે.

4. ભૂમિગત જળનું નિક્ષેપણ કાર્ય લખો.

➢ વરસાદ દ્વારા પ્રાપ્ત થયેલું પાણી છિદ્રાળ ખડકોના સ્તરોમાં જમા થાય છે. આ પાણીને ભૂમિગત જળ કહે છે. વરસાદનું દ્રાવણયુક્ત પાણી ધીમે ધીમે નીચેના ખડક સ્તરોમાં ઊતરે છે. અને માર્ગમાં આવતા ખડક પદાર્થોનું ધોવાણ કરે છે. ચૂનાના ખડકોવાળા પ્રદેશોમાં વિશિષ્ટ ભૂમિદશ્યો રચાય છે, જેને કાસ્ટ ભૂ-દશ્યાવલી કહે છે. ચૂનાના ખડક સ્તરોમાં યુવાલા, ડોલાઈન્સ અને પોજેની રચના થાય છે. વધુ ઊંડાઈએ ઊતરેલા ભૂમિગત જળને લીધે અધોગામી અને ઊર્ધ્વગામી સ્તંભ ની રચના થાય છે.

5. રાસાયણિક ખવાણ એટલે શું?

➢ ખડકોના બંધારણમાં અનેક ખનીજો જોવા મળે છે. તાપમાન, બાષ્પ અને વાયુઓના સંપર્કને કારણે ખનીજોના બંધારણમાં ફેરફાર થાય છે. ખડકો નબળા પડે છે. અને ખવાણ પામે છે. આ પ્રક્રિયાને રાસાયણિક ખવાણ કહે છે. રાસાયણિક ખવાણમાં ઑક્સિડેશન, કાર્બોનેશન તેમજ હાઈડ્રેશન પ્રક્રિયાઓ મુખ્ય છે.

6. ગેડ પર્વતની નિર્માણ-પ્રક્રિયા સમજાવો.

➢ પ્રસ્તર ખડકોવાળા ભૂ-સન્નતિ ધરાવતા પ્રદેશો પર ભૂ-સંચલનને કારણે પેદા થયેલું અને લૈંતિજ દિશાઓથી લાગતું દબાણ તેમાં લહેર આકારની ગડીઓ પાડે છે. તે દબાણ બળ લાંબા સમય સુધી ચાલુ રહેતાં અને ઊંચકાવની પ્રક્રિયા થતાં તેમાંથી કેટલાક ભાગ ગડી સ્વરૂપે ઊંચા ઊપસી આવે છે, તેને ગેડ પર્વત કહે છે. ગેડ પર્વતો પરથી સાગરીય જીવાવશેષો અને અશ્મિઓ મળી આવે છે, જે સાબિત કરે છે કે ગેડ પર્વતોનો ઉદ્ભવ સમુદ્રોમાંથી થયેલો છે.

7. ભૌતિક ખવાણ એટલે શું? તેનાં પરિબળો જણાવો.

- કોઈ પણ પ્રકારની રાસાયણિક પ્રક્રિયા સિવાય કેટલાંક બાહ્ય બળો માત્ર ભૌતિક ફેરફારો થી જ ખડકોને તોડે છે અથવા ભાંગે છે. આ પ્રક્રિયાને ''ભોતિક ખવાણ'' કહે છે. તાપમાને, વરસાદ, હીમ, વનસ્પતિઓ, પ્રાણીઓ, જીવજંતુઓ, માનવી વગેરે ભૌતિક વાણનાં મુખ્ય પરિબળો છે.

8. પવનના પસારણ અને નિક્ષેપણ કાર્યથી રચાતાં ભૂમિસ્વરૂપોનાં નામ જણાવો.

- પવનના ઘસારણ કાર્યથી રચાતાં ભૂમિસ્વરૂપો : ઉંડણપાત્ર ભ - છત્ર ખડકો, ઇન્સેમ્બર્ગ, ઝયુમેન અને વારંડગ. પવનના નિક્ષેપણ કાર્યથી રચાતાં ભૂમિસ્વરૂપો : રેતીના ઢુવા, બારખન્સ તથા લોએસનાં મેદાન વગેરે.